શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજનનું મુખપત્ર

# કચ્છ વાગડ ખબર પત્રિકા

KUTCH VAGAD KHABAR PATRIKA RNI NO. : MAHGUJ/2006/17870 તંત્રી : લક્ષ્મીચંદ પોપટલાલ ચરલા

વર્ષ : ૧૦ ▫ અંક : ૧૧૪ ▫ સળંગ અંક : ૨૮૨૪ ▫ પાના : ૨૪ સૂર્યોદય : ૬.૨૩ www.kutchvagad.com સૂર્યાસ્ત : ૭.૦૧ સં. ૨૦૭૨ : શ્રાવણ વદ–૨, શનિવાર, તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૧૬

કાર્યાલય : શ્રી પરિમલ II, ૧૦૩, ૧લે માળે, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૯૭. ✻ ફોન : ૨૮૮૧૪૩૪૬, ૨૮૮૨૪૩૪૬ ✻ ફેક્સ : ૨૮૮૮૪૩૪૬ કિંમત : રૂા. ૨/-

## સામાજિક

### શ્રી અજરામર સ્થાનકવાસી જૈન સંઘ લાકડીયા પર્યુષણ આરાધના સંઘ

આપણાં શ્રી સંઘના પુણ્યોદયે ચાલુ વરસનું ચાતુર્માસ લીંબડી અજરામર સંપ્રદાયના આચાર્ય ભગવંત પ.પૂ. ભાવચન્દ્રજી સ્વામિના આજ્ઞાનુવર્તિની પ.પૂ. અંજનાકુમારી આર્યાજી ઠાણા ૦૪નું મળેલ છે તેમની નિશ્રામાં પર્યુષણ કરવા જવા ઈચ્છુકોની કન્ફર્મ ટિકિટ કચ્છ એક્ષપ્રેસમાં બાંદરાથી તા. ૨૭-૦૮-૨૦૧૬, શનિવારના રોજ આવેલ છે. યાત્રિકોએ જમવાની તેમજ પાણીની વ્યવસ્થા ઘરેથી સ્વતઃ કરવાની રહેશે તેમજ પોતાનું ફોટો સાથેનું આઈ.ડી. (I.D.) કાર્ડ સાથે ફરજીઆત રાખવાનું રહેશે. સામખીઆરી થી લાકડીયા જવાની વ્યવસ્થા શ્રી સંઘ તરફથી કરવામાં આવેલ છે. બુકીંગ વખતે આપવામાં આવેલ ડીપોઝીટની રકમ રૂા. ૩૦૦/- સ્થાનિકમાં કાર્યાલયથી પરત આપવામાં આવશે. ટિકિટના સંદર્ભે પુછપરછ કરવા માટે ચુનિલાલ કરશન ગડાનો સંપર્કઃ Mob.: 9820721701 છે. વાંદરા પ્લેટફોર્મ ઉપર S/11 કોચ પાસે ચુનિભાઈ મળશે. પર્યુષણ દરમિયાન સવારની નવકારશી તેમજ બપોર અને સાંજના ભોજનની વ્યવસ્થા સંઘના રસોડે કરવામાં આવેલ છે. જમવા ઈચ્છુકોએ અગાઉથી કાર્યાલયમાં જણાવી દેવા વિનંતી. ખાસ નોંધઃ બાંદરા એસ/૧૧ ડબા પાસે તા. ૨૭-૦૮-૧૬ના રોજે સાંજે ચાર વાગ્યા સુધી ચુનીલાલ કરશનને મળીને ટિકિટ મેળવી લેવી. ટિકિટ ધારક જ પ્રવાસ કરી શકશે. લિ. શામજી હોથીભાઈ ગડા-માનદ્ મંત્રીઓ. (A-87350){1-1}

### શ્રી મનફરા પાંજરાપોળ અગત્યની જાહેરાત

આજની પત્રિકામાં શ્રી મનફરા પાંજરાપોળની શુભેચ્છક યોજના (૧.૧૧)માં લાભ લેનાર જીવદયાપ્રેમી ભાઈ-બહેનોની નામાવલી આપવામાં આવેલ છે. શરતચૂકથી કોઈ ભાઈ-બહેનનું નામ રહી ગયું હોય, નામ લખવામાં ભુલચુક હોય, નામમાં ફેરફાર કરવો હોય તો વહેલી તકે જાણ કરવા નમ્ર વિનંતી. આ યાદીમાં જેમણે રકમ ભરપાઈ કરેલ છે તેમના નામો આપેલ છે. જેમણે નામ લખાવ્યા છે અને રકમ ભરપાઈ કરેલ નથી તેમને તા.૩૦-૯-૨૦૧૬ સુધીમાં રકમ ભરપાઈ કરવા આગ્રહભરી વિનંતી. શિલાલેખમાં સુવર્ણાક્ષરે નામ લખવાની શરૂઆત કરવામાં આવી રહી છે. જે દાતા પરિવારોએ રકમ ભરપાઈ કરી હશે તેમના જ નામ શિલાલેખમાં લખવામાં આવશે જેની નોંધ લેવા નમ્ર વિનંતી.

* સંપર્ક :- સુરેશ ગડા-૯૮૨૧૩૦૮૨૦૦
* તલકશી દેઢિયા-૯૮૨૦૬૭૧૭૭૭.

લિ. મંત્રીઓ.

સૌજન્ય : દિપ્તી બિલ્ડર્સ યુનિવર્સલ પ્રા.લિ. દાદર. (J-88474){1-2}

### મનફરા - શ્રી જખ્ખદાદાજી શ્રી વિશલમાતાજી - મનફરા

ગામ-ખારોઈના હિરજી ગાંગજી ગાલાને ઘરે બિરાજમાન શ્રી પુરસાદાદાને નમતા ખારોઈ, ભચાઉ, લાકડીયા અને વામકાના ગાલા કુળના ભાવિક ભાઈઓ-બહેનો અને નિયાણી બહેનોને સહર્ષ જણાવવાનું કે શ્રી પુરસાદાદાના નુતન મંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તા. ૨૭-૧૨-૨૦૧૬ને મંગળવારે સવારે શુભ મુહૂર્તે ધ્વજા બદલાવવી, મહાઆરતી તથા મહાપ્રસાદનું સુંદર આયોજન દાતાશ્રી માતુશ્રી દિવાળીબેન બાબુભાઈ નોંઘાભાઈ ગાલા પરિવાર તરફથી કરેલ છે. તો તમામ ભાવિક ભાઈઓ-બહેનો અને નિયાણી બહેનોને પધારવા ભાવપૂર્વક વિનંતી છે.

* આપના સુંદર સાથ-સહકારની અપેક્ષા સાથે જય માતાજી.
* લિ. શ્રી જખ્ખપુજારા વિશલ માતાજી ભાવિક મંડળ-મનફરા. (J-87979){4-3}

### શ્રી ભચાઉ માંડલે નમતા ફુરીયા ગોઠિયા ભાવીક મંડળ - (મુંબઈ)

સહર્ષ જણાવવાનું કે આપણા પરિવારના કુળદેવી શ્રી અંબેમાતાજી-ખેતરપાળદાદાની સમૂહમાં (૧૩) તેરમી પહેડી તા. ૨૩-૨૪-૧૨-૧૬ને શુક્રવાર, શનિવાર (નાતાલ વેકેશન) બે દીવસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે તો સર્વે ગોઠિયા પરિવારો તથા નિયાણી બહેનોએ સારી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી. તા. ૨૩-૧૨-૧૬ શુક્રવારના સવારે ચા-પાણી-બપોરનું જમણવારના દાતાશ્રી દામજી લખમશી ફુરીયા પરિવાર તરફથી છે. ૨૩-૧૨-૧૬ શુક્રવારના સાંજના D.J. ઉપર ભક્તિગીતો તેમજ રાસ-ગરબા પ્રોગ્રામ છે, સાંજના અલ્પાહારની વ્યવસ્થા મંડળ તરફથી રાખવામાં આવેલ છે. બને દીવસના પ્રોગ્રામમાં બધા ગોઠિયા પરિવારો તેમજ નિયાણી બહેનો સારી સંખ્યામાં પધારવા નમ્ર વિનંતી. સર્વેએ રેલ્વેની ટિકિટો પોતપોતાની રીતે કઢાવવા વિનંતી. નોંધઃ નિયાણી બહેનોને રેલ્વે ટિકિટના રૂા. ૮૦૦ પહેડીના દિવસે રીફંડ આપવામાં આવશે. લિ. મંત્રીશ્રીઓઃ ચાંપશી પુનશી, પ્રેમજી છગનલાલ ફુરીયા, પત્રિકા સૌજન્યઃ શ્રીમાન મણીલાલ રામજી લાકડીયા (J-88467){1-3}

### ગ્રાન્ટ રોડ

કીડ્સ એન્ડ લેડીસ વેર શોરૂમમાં અનુભવી સેલ્સમેન અને શોરૂમ હેન્ડલ કરી શકે તેવા મહેનતી અંગ્રેજી-કોમ્પ્યુટર જાણકાર સંપર્ક કરો. વિવા ફેશનઃ ૯૮૨૦૨૯૨૭૪૦. કાંતિલાલ રવજી નિસર-ખારોઈ. (J-88469){1-4}

### રાસ-ગરબા શીખો

નાના-મોટા પ્રસંગને યાદગાર બનાવવા શીખો બહુજ સરળ રીતે રનીંગ તેમજ લેટેસ્ટ સ્ટાઈલના ગરબા તથા દાંડીયાના સ્ટેપ. આજે જ મળોઃ નિધી શાહ 9619244827, 9221261368. (J-88464){1-5}

## પ્રવાસ કેમ્પ

### ચાલો - ચાલો - દુબઈ - અબુધાબો નવા આકર્ષણો - નવી દુનિયા

રણના કણમાંથી ઉદ્‌ભવેલી ''સોનેરી નગરી'', દુબઈ, નવા આકર્ષણો, નવી દુનિયાની અજાયબી સમી ૪, ૫, ૬ તથા ૭ રાત્રીની નિયમીત ટુરો. સિંગાપોર, મલેશિયા, હોંગકોંગ, મકાઉ, શ્રીલંકા, માલ્દીઝ, આપના બજેટ મુજબ. સંપર્કઃ ''જાગૃતિ ટુર્સ'', SINCE-1982. Tel.: 9820129177, 9833880312. અમેરીકા તથા યુરોપના વિઝા માટે સંપૂર્ણ માર્ગદર્શન. (M-15158){1-6}

### ચિંતન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

કોઈપણ પ્રકારની ટ્રેન, પ્લેનની ટિકિટો કન્ફોર્મ સીટ અને વ્યાજબી ભાવ સાથે મેળવવા માટે ફોન કરો-ચિંતન શામજી ગાલા-૯૭૭૩૫૧૫૦૩૨, નીલુ શામજી ગાલા-૯૮૯૨૮૬૬૬૮૧, ૯૮૨૦૭૦૯૨૦૧ ભચાઉ-થાણા. ડિસેમ્બરની બુકિંગ ચાલુ થઈ ચૂકી છે. (T-87498){1-7}

### ચાલો રશિયા... રશિયા !!! જૈન સોશ્યલ ગ્રુપ-જુહુ બીચના સંગાથે

જૈન સોશ્યલ ગ્રુપ-માટુંગા દ્વારા આયોજીત ૪૬ સભ્યોની રશિયાની ટૂરના સુમધુર સંભારણા બાદ ચાલો હવે જે.એસ.જી. જુહુ બીચના સથવારે તા. ૨૩ સપ્ટેમ્બરે, અદ્‌ભૂત કુદરતી સૌંદર્ય, શિતળ અને શુદ્ધ હવામાન, શાનદાર હોટલો, સ્વાદિષ્ટ ભોજન, ભરપૂર જોવા લાયક સ્થળો, બુલેટ ટ્રેનમાં સવારી, અવિસ્મરણીય રશિયન સર્કસ વગેરે. આપના જીવનની આ સફર યાદગાર બની રહેશે. સંપર્કઃ ''જાગૃતિ ટુર્સ'' SINCE 1982, Tel.: 9820129177, 9833880312, દુબઈ સાથે અબુધાબી નવા આકર્ષણો, નવી દુનિયા, સિંગાપોર, હોંગકોંગ, શ્રીલંકાની ટુરો આપના બજેટ મુજબ અમેરીકા તથા યુરોપના વિઝા માટે સંપૂર્ણ માર્ગદર્શન. (M-15159){1-8}

## ધંધાદારી

### નશા મુક્ત જીવન સુખી જીવન નશો છોડો! સંસાર થી સંબંધ જોડો

દારૂ, સિગારેટ, ગુટખા, માવા, તંબાખુ, ચરસ, ગાંજાના નશાથી મુક્તિ મેળવો! ૧૦૦% રિઝલ્ટ આયુર્વેદિક દવા! વધુ માહિતી માટે હમણાં જ સંપર્ક કરોઃ અમિતા કારંડે-9768971003, 8976069888, 07666012476. એડ્રેસઃ એ ૧૦૭, શીતલ શોપિંગ સેંટર, ભાઈંદર (પુર્વ), રંજના નશા મુક્તિ કેન્દ્ર (રજી), શુભેચ્છકઃ પદમશી ખીરાણી (લાકડીયા). (M-15108){1-9}

### Job Oriented-Phonics Teacher Training

Certificate Course following popular U.K. based Synthetic Phonics methodology. Through Practical knowledge. Master Phonics with Vidhyanidhi Education Society (Govt/ Regd) / Fresh Batches, Available in August, September, October. www. eachertraining-mumbai.com. 28945954/5538. (M-14676){1-10}

### મહિલાઓ માટે (અંધેરી-વેસ્ટ)

કુર્તીસ અને લેગીંગ L થી 5 XL બધી સાઈઝમાં રૂા. 250 થી શરૂઆત. રામવાડી કો. સોસાયટી, રૂમ નં. ૩૩, ૩જે માળે, વાડીયા સ્કૂલની સામે, જે.પી. રોડ, અંધેરી-વેસ્ટ, સમયઃ ૧૨ થી ૬. પુષ્પા ગાલાઃ 9820982635 ફોન કરીને આવવું.(J-88463){1-11}

### જોગેશ્વરી (ઈસ્ટ) ધંધાદારી જગ્યા

રેડીમેડ અથવા કોઈપણ વેપાર માટે જગ્યા ભાડા ઉપર મલશે (1+1) 400+600 ફૂટ જગ્યા, શ્રી ફેસ લાઈટ મીટર, સાથે બધી સુવીધાઓ ઉપલબ્ધ થશે. બાન્દ્રેકરવાડી, સમર્થ હોસ્પિટલની બાજુમાં, જોગેશ્વરી (ઈસ્ટ) મુંબઈ-૬૦. સંપર્કઃ વિનોદભાઈ 9820013329. (M-15275){1-12}

### વેરીકોઝ વેઈન્સ લેસર કેશલેસ

કાળા પગ, સોજો, ખરજવું, અલ્સર, વેરીકોઝ વેઈન્સને લીધે હોઈ/થઈ શકે. મળો ડો. પરેશ દેઢિયા ૧૭/૧, આકાશગંગા આશિષ, મનિષ નગર, અંધેરી (વે), D.N. નગર, મેટ્રો સ્ટેશન પાસે, ૧૦-૧, ૬-૮, 9769101353, 9869436369. (A-87321){1-13}

### હોલસેલ ભાવે હોમમેડ ચોકલેટસ

રક્ષાબંધન સ્પેશિયલ ફ્લેવર્સઃ ડાર્ક ચોકલેટ રૂા. ૪૦૦ પ્રતિ કિલો, પ્લેન, બટર સ્કોચ, ક્રંચી, ફ્રુટ જેલી રૂા. ૪૫૦/- પ્રતિ કિલો, ડ્રાયફ્રુટ ચોકલેટ રૂા. ૫૦૦/- પ્રતિ કિલો, રોસ્ટેડ આલ્મન્ડ રૂા. ૫૫૦ પ્રતિ કિલો, કોકોનટ ચોકલેટ રૂા. પ્રતિ કિલો ૩ કિલો પર ફ્રી હોમ ડિલીવરી. ઓર્ડર માટે સંપર્ક કરો સુશીલા વીરા ૮૪૨૧૨૦૭૫૮૩, ૭૦૪૦૮૦૦૬૩૩ whatsapp for attractive packings. ૮૮૮૪૪૫૦૫૫ ગામ નાનીખાખર. (M-14918){1-14}

## જીવદયા

### શ્રી જીવદયા મંડળ (રાપર પાંજરાપોળ) આભાર માને છે

૨૫૦૦૦/- માતુશ્રી જમણાબેન કરસન દેવરાજ છેડા પરિવાર ગામ-સામખીયારી હાલે દહીંસર પૂર્વ (ફોટો યોજનામાં), ૨૫૦૦૦/- શ્રીમતી રત્નાબેન પ્રેમજી ગેલાભાઈ દેવશી ગાલા-ઘાણીથર હાલે મલાડ પૂર્વ (કુપન યોજનામાં), ૨૫૦૦૦/- શ્રીમતી વેલુબેન ખીમજીભાઈ અવચર ગડા-ઘાણીથર હાલે મલાડ પૂર્વ (કુપન યોજનામાં), ૨૫૦૦૦/- શા. અમરશી જેઠાલાલ ફુરીયા પરિવાર-લાકડીયા હાલે મલાડ પૂર્વ (કુપન યોજનામાં). વાગડના આ ચાર ઉદારદિલ દાતાશ્રીઓને ૫૩૦૧ નિરાધાર, લાચાર અને મુંગા પશુઓ વતી શુભ આશિર્વાદ પાઠવીએ છીએ. પુણ્યનો બીજો કોઈ પર્યાય નથી. દુઃખી જીવો પ્રત્યે અનુકંપાની લાગણી રાખીને દાન આપીએ તો ચોક્કસ પુણ્ય પ્રાપ્તિ થાય છે. સર્વે દાતાશ્રીઓ તથા તેમના પરિવારજનોને અનુમોદના સહ ધન્યવાદ. સૌને યથાશક્તિ મદદ મોકલવા હાર્દિક વિનંતી છે. આપના દાન માટે મુંબઈમાં સંપર્કઃ અમૃતલાલ કોરડીયા-૯૯૨૦૩૧૩૦૪૮. લિ. મંત્રી. (J-87994){1-15}

## મીટિંગ

**શ્રી ભરૂડિયા વિશા ઓશવાળ શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ જૈન સંઘ – જનરલ મીટિંગ**

ઉપરોક્ત સંસ્થાના નેજા હેઠળ સર્વે ગામવાસી ભાઈઓની એક જનરલ મીટિંગ, તા. ૨૧-૦૮-૨૦૧૬ રવિવાર રાત્રે ૮.૦૦ કલાકે, ડિલાઈટ પેલેસ, એમ.જી. રોડ, પહેલે માળે, ઘાટકોપર (વેસ્ટ) શ્રી ધીરજભાઈ અરજણભાઈ સત્રાની ઓફિસે નીચે મુજબના કામકાજ માટે રાખવામાં આવેલ છે. (A) ગત જનરલ સભાની મિનિટ બુકનું વાંચન કરી બહાલી આપવી. (B) તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૬ સુધીના ઓડિટ થયેલા હિસાબોની રજુઆત કરી મંજુર કરવા. ()C) પ્રમુખ સ્થાનેથી રજુઆત થાય તે. મીટિંગ ખૂબજ અગત્યની હોવાથી સર્વે ગામવાસી ભાઈઓએ સારી સંખ્યામાં સમયસર પધારવા વિનંતી. લિ. મંત્રીઓ. પત્રિકા સૌજન્યઃ શ્રીમતી લીલાબેન ગુણશી દુદાભાઈ સત્રા પરિવાર.

(M-15295){2-1}

**શ્રી ભરૂડિયા વિશા ઓશવાળ મહાજન જનરલ મીટિંગ**

સર્વે ગામવાસી ભાઈઓને જણાવવાનું કે, ઉપરોક્ત સંસ્થાના નેજા હેઠળ સર્વે ગામવાસી ભાઈઓની એક જનરલ મીટિંગ, તા. ૨૧-૮-૨૦૧૬ રવિવારના રાત્રે ૮.૩૦ કલાકે શ્રી ધીરજભાઈ અરજણ સત્રાની ઓફિસે, ડિલાઈટ પેલેસ, પહેલે માળે, એમ.જી. રોડ, ઘાટકોપર (વે) મધ્યે નીચેમુજબના કામકાજ માટે રાખવામાં આવેલ છે. (A) ગત જનરલ મીટિંગની મિનિટનું વાંચન કરી બહાલી આપવી. (B) આગામી સ્નેહમીલન સમારંભના આયોજન વિષે ચર્ચા વિચારણા કરી નિર્ણયો લેવા. (C) તા. ૧-૪-૨૦૧૫ થી તા. ૩૧-૩-૨૦૧૬ સુધીના ઓડિટ થયેલા હિસાબોની રજુઆત કરી મંજુર કરવા. (D) પ્રમુખસ્થાને રજુઆત થાય તે. મીટિંગ ખૂબજ અગત્યની હોવાથી સર્વે ગામવાસી ભાઈઓએ સારી સંખ્યામાં સમયસર પધારવા વિનંતી. લિ. મંત્રીઓ.

(M-15296){2-2}

## ધંધાદારી

**મહારાજ કેટરર્સ એન્ડ મંડપ સર્વીસ**

જુના અને જાણીતા લાકડીયાવાળા મારાજ દેશમાં આપણા શુભ પ્રસંગોને શાનદાર અને સંતોષકારક આપના પ્રસંગો જેવા કે પહેડી, ગામજમણ માટે આજે જ સંપર્ક કરો.

- મોહન મારાજઃ 09725339501
- મહેશ મારાજઃ09925641104
- બળદેવ મારાજઃ 09978722770 સંબંધી ફાર્મ-શીવ શક્તિ સ્વીટ એન્ડ ફરસાણ (લાકડીયા).

(M-15110){2-3}

**અદભૂત કેશવર્ધક તેલ+ શેમ્પુ ૯૦૨૨૦૪૭૭૯૨**

કોઈપણ તેલ વાપરતા પહેલા કે/પછી આ તેલ વાપરો. વાળ ખરવા, પાતળા, અકાળે સફેદ+બરછટ થવા, ખોડો, જુ-લીખ,+ટાલ પર તીર જેવું કામ કરે છે અને આપના વાળને સુંદર, ચમકીલા, સુંવાળા, કાળા ભમ્મર જેવા બનાવી ગ્રોથ+લંબાઈ વધારે (પંદર જ દિવસમાં વાળ સંબંધી દરેક સમસ્યાઓ દૂર) વધુ માહિતી માટેઃ 9022047792.

(M-15186){2-4}

**માહીમ, માટુંગા વે.રે. શીવાજી પાર્ક, દાદર વે.રે., પ્રભાદેવી એરીયાની વસ્તીપત્રકનું કાર્ય પૂર્ણ થયેલ છે 4 કલર વસ્તીપત્રક ઘરદીઠ એક કોપી ''ફ્રી''માં**



• આપના પરિવારની ફોટા સાથે ફૂલ પેજ/હાફ પેજ/પા-પાનું જા.ખ. 4 કલરમાં આપી સહકાર આપો.
• (આર્ટપેપર-વાર્નિશ) સાથે પાકાપુઠાનું બાઈન્ડીંગ+ પ્લાસ્ટિક કવર સાથેનું વસ્તીપત્રક દરેકને ઘરદીઠ એક બુક ''ફ્રી'' મળશે.
• જા.ખ. માટે સંપર્કઃ ખીરાણી પ્રકાશન, પારલા-ઈસ્ટ. (O.) 26155757/Mo.: 9870556856. લિ. પદમશી કે. ખીરાણી.

(J-87997){2-5}

**વિલેપારલા-ઈસ્ટ/વેસ્ટ, ઈરલા જુહુ વસ્તીપત્રક (4 કલરમાં) ઘરદીઠ એક બુક ફ્રી'' ''કલર ફોટો ફ્રી'' પડાવવાની વ્યવસ્થા ''અનુપમ સ્ટુડીયો''**



• ઉપરોક્ત એરીયાના વસ્તીપત્રકનું કાર્ય પૂર્ણ થયેલ છે, તો આપના પરિવારના ઘરના દરેક વ્યક્તિના પાસપોર્ટ સાઈઝ કલર ફોટો (ડિઝિટલ ફોટો) આપશો (ઝેરોક્ષ નહીં).
• ફોટો માટેઃ ''અનુપમ સ્ટુડીયો'', દેનાબેંકની બાજુમાં, નહેરૂ રોડ, પારલા-ઈસ્ટમાં (રવિવાર બંધ).
• સંપર્કઃ ખીરાણી પ્રકાશન-પારલા ઈસ્ટ.(O) 26155757, Mo.: 9870556856. સમયઃ 9.00 to 6.00 pm (રવિવાર બંધ). લિ. પદમશી કે. કીરાણી (લાકડીયા).

(J-87997){2-6}

**સરગમ વોટર પાર્ક -પ્યોર વેજ જૈન ફુડ પ્રતિ વ્યક્તિ રૂ. ૬૫૦/-**

ટા.: સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડિનર, ૩.૩૦ થી ૪.૩૦. ચા-કોફી-આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે. રેઈન ડાન્સ, MPWS. બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડિસ્કઉન્ટ. કામણ જૈન મંદિરથી ૩ કિમી. ભજનલાલ ડેરી થી ૯ કિ.મી. દહિંસરથી ૨૧ કિ.મી. ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભીવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સં.: ૯૩૨૪૩૦૪૩૩૩. રમેશ માણેક ગાલા (ગઢશીશા). website: www.sargamwaterppark.com.

(J-88451){2-7}

**મોન્ટેસરી E.C.C.Ed. Govt. Regd. ડિપ્લોમા કોર્સ**

જોબ ઓરિએન્ટેડ ટિચર્સ ટ્રેનીંગ ડિપ્લોમા વર્ષ ૨૦૧૬-૧૭ માટે એડમિશન શરૂ. Regular (સવાર/બપોર/સાંજના બેચીસ) Sat./Sun./Batches/ Correspondence/Online (પ્રેક્ટીકલ ટ્રેનિંગ સાથે) આ કોર્સ કરીને મેળવો વિવિધ State/ICSE/CBSE/IB બોર્ડની પ્રાઈવેટ શાળાઓમાં જોબ અથવા શરૂ કરો પોતાની પ્લે સ્કુલ. www.teachertrainingmumbai.com વિદ્યાનિધિ એજ્યુકેશન સોસાયટી, બોરીવલી સ્ટેશન-વેસ્ટ. 28945954/5538. (M-14675){2-8}

---

**શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઈ**
**દ્વારા આયોજિત**
**બેડમિન્ટન-કોમ્પીટીશન-૨૦૧૬**

આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ સંસ્થાનો ઓફીસ, રેગ્યુલર સેન્ટરો, ફેસબુક તેમજ વેબસાઈટઃ www.vagad.org ઉપરથી ફોર્મ મેળવી. વિગતવાર ભરી બર્થ પ્રુફની ઝેરોક્સ કોપી અને એન્ટ્રી ફીના ૧૦૦/- રૂ. સાથે કોઈપણ એક સ્થળે મોકલાવી આપો.
* આ વર્ષે ચેસ/કેરમમાં જે પણ સ્પર્ધકોને ભાગ લીધેલ હતો તેમણે બેડમિન્ટનના ફોર્મ સાથે બર્થ પ્રુફ આપવાની જરૂરત નથી. **ફોર્મ ભરવાની છેલ્લી તા. ૯ સપ્ટેમ્બર ૨૦૧૬, શુક્રવાર**

**સ્પર્ધાની તારીખ, સમય અને સ્થળ : રવિવાર, તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૬**
* સમય સવારના ૮.૦૦ કલાકે શાર્પ * મુંબઈ યુનિવર્સટી સ્પોર્ટસ ગ્રાઉન્ડ, મરીન લાઈન્સ, મું.-૨૦.
વોલીન્ટીયર્સ : ઉપરોક્ત સ્પર્ધામાં સેવા આપવા ઈચ્છતા કાર્યકર ભાઈ-બહેનોએ પોતાના પૂરા નામ અને મો.નં.: 97572 71300 ઉપર વોટસઅપ કરવા અથવા સંસ્થાની ઓફીસ : 24371515 / 1818 ઉપર નોંધાવવા.
લિ.: સ્પોર્ટસ કમિટી

(M-15312)

---




**વજન ઘટાડો**

આયુષ્મતિનાં તાજા પાન + Essential Oilના ઉપયોગથી આડઅસર વગર વજન ઘટાડો
કસરત + ડાયેટીંગ+ દવા ની જરૂર નથી.
(થાયરોઈડ+ કોલેસ્ટ્રોલ વાળાએ ખાસ ફોન કરવો.)

**૧૦૦% કુદરતી**
**સૃષ્ટી હર્બલ્સ**

**75065 55824/ 75065 55827**

(M-15313)

---

**જાગો વાગડ જાગો તપસ્વીઓ જાગો**
સમય બચાવો...સંપત્તિ બચાવો.... સમય બચાવો...સંપત્તિ બચાવો....
**શ્રી જીવદયા મંડળ ગોરેગામ (વેસ્ટ) અને જીવદયા મંડળ અંધેરી - જોગેશ્વરી ના સહીયારા પ્રયાસથી અને ઉદારદિલ દાતાઓના સહકારથી**

**સામુહિક સાંજી ...સામુહિક સાંજી ...સામુહિક સાંજી (વર્ષ ત્રીજુ)**

| શુભ દિવસ | શુભ સ્થળ |
|---|---|
| તા.૮.૯.૨૦૧૬ ,ગુરૂવાર<br>સવારે ૯ થી ૨ કલાકે | ચંપાબેન ચાંપશી દેવશી નંદુ<br>મહાજનવાડી |

વધુ વિગત માટે આગળની પત્રીકા વાંચતા રહેશો.

લિ. શ્રી જીવદયા મંડળ ગોરેગામ-વેસ્ટ, પ્રમુખ શ્રી હરિલાલ ભચુભાઈ રીટા, જીવદયા મંડળ અંધેરી - જોગેશ્વરી શ્રી મણીલાલ ભાણજી કારીયા

(M-15298)

---

**શ્રી મનફરા યુવક મંડળ (મુંબઈ)**
**શ્રી મનફરા ગ્રામ નવરચના સમિતિ -જનરલ મીટિંગ**

ઉપરોક્ત બન્ને સંસ્થાઓની સંયુક્ત જનરલ મીટિંગનું આયોજન, **તા. ૨૧-૮-૨૦૧૬ના રવિવારે** કરવામાં આવેલ છે. * સમયઃ બપોરે ૨.૩૦ વાગે
* મીટિંગનું સ્થળ : અજરામર જૈન સ્થાનક, બીજા માળે, રેલ્વે સ્ટેશન અને બસ ડેપોની પાસે, સાંતાક્રુઝ (ઈસ્ટ)
* એજન્ડા : (૧) ગત જનરલ મીટિંગની મીનીટસનું વાંચન કરી બહાલી આપવા, (૨) ઉપરોક્ત બન્ને સંસ્થાઓના ગત વર્ષના (૧-૦૪-૨૦૧૫ થી ૩૧-૦૩-૨૦૧૬) હિસાબ-કિતાબની રજુઆત તેમજ બહાલી આપવા માટે. (૩) શ્રી શાંતિ-નિકેતન વેલફેર સોસાયટીના શેર સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત, (૪) પ્રમુખ તરફથી અન્ય રજુઆત ઉપર ચર્ચા વિચારણા કરવા. તા.ક.: મીટિંગનું કામકાજ અગત્યનું હોવાથી સર્વે મેમ્બરોને મીટિંગમાં સમયસર પધારવા ખાસ વિનંતી.

**ડિસેમ્બર આનંદોત્સવ ખાસ નોંધઃ** દર વર્ષની જેમ આ વર્ષે પણ આનંદોત્સવનું આયોજન તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર કરવામાં આવેલ છે.ઉપરોક્ત તારીખો ધ્યાનમાં રાખી સર્વે મનફરા વાસીઓ રેલ્વેના નિયમ મુજબ ૧૨૦ દિવસ પહેલા પોતપોતાની ટિકિટ કઢાવી લેશો.

લિ. મંત્રીઓ

(M-15135)

---

કચ્છ-વાગડ ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યવસાયિક જાહેરાતો, મેટરો કે નિવેદનો તેમના પોતાના હોય છે. એમાંથી ઉદ્ભવતા પરિણામો વિશે શ્રી વાગડ વિશા ઓસવાળ ચોવીસી મહાજન તેમજ કચ્છ-વાગડ ખબર પત્રિકાના તંત્રી જવાબદાર નથી.

## સામાજિક

**શ્રી ખેતરપાળ દાદાય નમઃ ।।**
**।। શ્રી મોમાય માતાય નમઃ ।।**
**પહેડી-પહેડી-પહેડી-પહેડી**

ગામ મનફરા સત્તાદાદાની પહેડી. ગામ મનફરા તથા ભચાઉના સત્તાદાદાને નમતા કારીઆ ભાઈઓ જોગ. મનફરા ગામે બિરાજમાન શ્રી સત્તાદાદાની અસીમ કૃપાથી અમારા માતુશ્રી જેવાબેન નારણ વીરા કારીઆ હસ્તે અ.સૌ. જયાબેન હંસરાજ નારણ કારીઆ પરિવારને આ વર્ષે, તા. ૨૮-૧૨-૨૦૧૬ બુધવારના પહેડી કરવાનો રૂડો અવસર મળેલ છે, તો સર્વે ગોઠિયા ભાઈઓ તથા બહેનો અને નિયાણી બહેનો તેમજ જમાઈઓને દાદાનો પ્રસાદ લેવા અને શોભા વધારવા વિનંતી. સર્વે પોતાની ટિકિટ સમયસર કઢાવી લેશો. ભચાઉથી મનફરા આવવા જવા માટે વાહનની સગવડ રાખવામાં આવેલ છે. આપના આગમનના અભિલાષી લિ. અરૂણા મિતેશ હંસરાજ કારીઆ. (M-15291){3-1}

**મફત-મફત-મફત (બુકમાં મા ભિખારણ)**

વાંચીને લાગશે આંચકો.. મુંબઈના પોષ એરિયામાં કરોડોની મિલકત ધરાવતી એક મા-ભિખારણ. મા શા માટે ભિખારણ બની જીવનમાં એવું તે શું બન્યું કે મોતને બદલે જાહેર રસ્તા ઉપર ભીખ માંગવાનો રસ્તો અપનાવ્યો. બુકમાં જુઓ ખાનદાની ભિખારણ-બીજી બાજુ એક માં મોતને મંજુર કરે છે પણ દિકરાની જુદાઈ મંજુર નથી. બંને માને એક દિકરો છે વિધિની કેવી વિચિત્રતા-કેટલો ફરક. એમ માની મમતાનું મુલ્યાંકન કરવા હજી સુધી વિશ્વમાં એવી કોઈ શાહી કે કલમ બની નથી. માની મમતા માપવા કોઈ મેજરટેપ કે ફુટપટ્ટી બની નથી. નથી બન્યું કોઈ થર્મોમીટર કે કમ્પ્યુટર છે આનો જવાબ! કોઈ પાસે આ બધું જાણવા વાંચો માતૃવંદના ટ્રસ્ટ દ્વારા પ્રસ્તુત ચંદુ-ચતુરની કલમે લખાયેલ (ધરતીનું સ્વર્ગ મા) આ પુસ્તક મફત મળશે. સ્થળઃ વર્ધમાન જૈન સંઘ, થાણા, તળાવપાળી વેસ્ટર્ન લાઈનઃ માનવ મોતી કાર્યાલય, અંધેરી (વે) 9820283666, સ્ટેશન રોડ, વેલજી હરખચંદ નિસર, ચંદુલાલ ભુરાલાલ ગાલા સી.સી., નૂ. ત્રંબૌઃ 9029515831. (T-87431){3-2}

## ધંધાદારી

**ગીફ્ટ આપવા માટે**

ટ્રાવેલીંગ બેગ-શોપીંગ બેગ, સોલ્ડર બેગ, પાઉચ, બેગ,લેપટોપ બેગ,ટ્રેકીંગ બેગ, ઓફિસ બેગ, લેધર બેગ, વીલર બેગ ,ટ્રોલી બેગ, ડફલ બેગ તથા દરેક પ્રકારની ટ્રાવેલીંગ બેગ બનાવી આપવામાં આવશે. બેગ ઉપર નામ તથા લોગો છાપીને આપવામાં આવશે. શીતલ બેગઃ ૧૩૩,૧૧, નારણ ભાજીવાલા ચાલ, દફતરી રોડ, શિવાજી ચોકની સામે, મલાડ-ઈસ્ટ, મું.-૯૭. 9324491329, 28891329, 9819302049,:28807727, 9819480147-ગડા વેલજી રાણા-ભચાઉ. (M-15219){3-3}

**''દુકાન ભાડેથી આપવાની છે''**

ઝેરોક્ષની રનીંગ દુકાન ડબલ ગાળાની અંધેરી (ઈસ્ટ) રેલ્વે સ્ટે. પાસે, સહાર રોડ ભાડેથી આપવાની છે. Mo. No.: 9320088467, 9820037907. (M-15261){3-4}

**ધ્યાનથી વાંચો કામે લાગશે**

પવિત્ર શ્રાવણ માસમાં સત્યનારાયણ કથા, કાલસર્પ રૂદ્રી શીવપૂજન અભિષેક તથા જન્મ કુંડલીમાં આવેલ દરેક દોષ નીવારણ પૂજા, ઘર, દુકાન, ઓફિસમાં આવેલ વાસ્તુદોષ નિવારણ પુજા, દક્ષીણ દિશા દોષ નીવારણ પૂજા. પૂજા વિધિ માટે દીપક મહારાજઃ મો.: ૯૮૨૦૬૯૯૨૦૯, ઘરઃ ૮૦૮૦૫૬૯૦૯૯/ નોંધઃ લગ્ન વિધિનું બુકીંગ ચાલુ છે. (M-15294){3-5}

**''લોટ કા માલ ફાયદે મેં''**

થાણા ડ્રિમલેન્ડ હાયર પોશ એરીયા, રહેજા કોમ્પલેક્ષમાં ફુલી ફર્નીશ મોટું 5 BHK ફ્લેટ (3000) ત્રણહજાર સ્કેવયર ફૂટ બિલ્ટપ) 2550 કારપેટ, દમદાર લોકેશન, ધમાકેદાર વેલ્નલેશન, ફૂલ હવા ઉજાસ, એકદમ મોટો હોલ, મોટું કિચન અને 5 પાંચ માસ્ટર બેડરૂમ સાથે પાર્કીંગ ફોરવિલર માટેત્રણ ગાડીની કાર પાર્કીંગ સ્ટીલ પાર્કીંગ સેપરેટમાં ઉપલબ્ધ સાથે મીડલ ફ્લોરમાં ફ્લેટ અર્જન્ટ સસ્તા પાણીના ભાવમાં સેલ વેચવાનો છે. ''જગ્યા લેવા માટે ગુજરાતી જૈનની પહેલી પસંદગી છે.'' ''રહેજા કોમ્પલેક્સ ગાર્ડન, ટીપટોપ પ્લાઝાની સામે,'' (થાણા) નોંધઃ બજેટ હોય તો જ જગ્યા વિશે જાણકારી માટે રસ ધરાવીને મર્દાનગીથી વાત કરવી. વગર બજેટમાં ટાઈમપાસની વાત કરવી નહીં, પૂછવું નહીં. જગ્યા માટે સંપર્કઃ દિનેશ કાનજી સતરા Mb.: 9820976213. (T-87425){3-6}

**''મગના ભાવે મગફળી''**

થાણા સ્કોટલેન્ડ પોશ એરીયા રામમારૂતી રોડ, મેન રોડ ટચ શોપીંગ સેન્ટર એરીયામાં રનીંગ ધંધો ગુડવિલ જમાવેલ રનીંગ ધંધા કોઈપણ ધંધાને લાયક મોકાદાયક દુકાન ગ્રાઉન્ડ નીચે 600 ફૂટ+ઉપર 500 +બહાર અલગથી સ્પેસ. દર્શન આગળના 14 ફૂટ ફૂલ હાઈટ (1100 ફૂટ) સાથે દુકાન અર્જન્ટ સસ્તા પાણીના ભાવમાં વેચવાની છે.ઈન્વેસ્ટર માટે અથવા બુધ્ધીમાન વેપારી માટે સારી હોટ પ્રોપર્ટીની સ્પોટ જગ્યા. મોકાદોયક રનીંગ ધંધો ચીલાચોર ધંધો જમાવેલ ગુડવિલ સાથે જગ્યા વેચવાની છે. ''ગુજરાતી જૈન વાગડવાસી માટે પહેલી પસંદગી છે'' નોંધઃ બજેટ હોય તો જ ફોન ઉપર મર્દાનગીથી વાત કરવી, વગર બજેટમાં બીલકુલ પૂછવું, વાત કરવી નહીં. સંપર્કઃ દિનેશ કાનજી સતરાઃ 9820976213. (T-87425){3-7}

**''મોકાનો ફાયદો ગોખલે રોડ - થાણા''**

થાણા સ્કોટલેન્ડ પોશ એરીયા ગોખલે રોડ નવપાડા- મેન રોડમાં મેન રોડ ટચ લીગલમાં ધમાકેદાર લોકેશનમાં ફુલી ફર્નીશ ગુડવિલ જમાવેલી નામચીન દુકાન રનીંગ ધંધો મોબાઈલ શોરૂમ, ચિલ્ડ્રન વેયર્સ, રેડીમેડ ગારમેન્ટ્સ, સ્ટેશનરી ઈમીટેશન આઈટમ, જનરલ કોસ્મેટીક પ્લાસ્ટીક આઈટ અથવા શોરૂમ માટે મોકાદાયક દુકાન એકદમ રીજનેબલ પાણીના ભાવમાં કોઈ ઈન્વેસ્ટર અથવા કેપેબલ વેપારીને અર્જન્ટ સેલ વેચાણમાં વેચવાની છે. (શોપિંગ સેન્ટર જોન એરીયામાં).''ગુજરાતી જૈન વાગડવાસી માટે પહેલી પસંદગી છે.'' જગ્યા 3000 સ્કવેયર ફૂટ બિલ્ડપ દુકાન દર્શન આગળમાં 14 ફૂટ, ઉપરની હાઈટ 12 ફૂટ. બહાર ડીસ્પ્લે માટે અલગથી સ્પેસ (પાર્કીંગ માટે જગ્યા અલગ) સંપર્કઃ માલીક ઓનર થ્રુ વાતચીત માટે દિનેશ કાનજી સતરા- 9820976213 (નોંધઃ બજેટ હોય તો જ રસ ધરાવીને મર્દાનગીથી વાત કરવી. (T-87425){3-8}

**''કિંગ ઓફ થાણા''**



થાણા 2016 મંદીના માહોલમાં ડાઉન ઘટેલા ભાવમાં રેડી પજેશનમાં રેસીડેન્સી જગ્યા રહેવા માટે લીગલમાં ફ્લેટ થાણા સીટી એરીયામાં 2 BHK, 3 BHK અને 4 BHK અને મોટા 5 BHK ફ્લેટ સસ્તા પાણીના ભાવમાં, નવપાડા, વિષ્ણુનગર, પાંચપખાડી સુમીત એકલેવ્યુમાં હરી નિવાસ એલીગ્રેન્ર્સ ટાવર, લોકમાન્ય સોસાયટી, રહેજા સોસાયટી, વિકાસ કોમ્પલેક્ષ, કેસર સુમેર, વિકાસ પામ, ફ્લાવર વેલી, વસંત વિહાર, ઘોડબંદરમાં લોઢા લકઝુરીયા, લોઢા કોમ્પલેક્ષ, રુસ્તમજીમાં વસંત લોજ વીવીયાના મોલની પાછળ, દોસ્તી વિહાર ઘોડબંદરમાં હીરાનંદાની, મીડોસમાં કોસમોસ ટાવરમાં મોટો 3 BHK, 4 BHK રેડી પઝેશનમાં વિથ સ્ટીલ પાર્કીંગ સાથે (પાણીના ભાવ)માં ઓનધ સ્પોટ વેચાણ અને ભાડામાં તાબડતોબ અર્જન્ટમાં ફ્લેટ અપાવી દેશું. ઈન્વેસ્ટર માટે ઓફિસ, રેસીડેન્શીયલ, કમર્શીયલ જગ્યા (ફાયદામાં ખોચમાં તાન) જગ્યા સારા ભાવમાં લીગલમાં અપાવી દેશું. થાણા સીટીમાં ઓછા બજેટમાં 1 RK., 1 BHK, 2 BHK, નવામાં જુનામાં ફ્લેટ વેચાણ અને ભાડામાં તાબડતોબ ઓન ધ સ્પોટ અપાવીદેશું. થાણાસીટી નવપાડા, સ્ટેશન રોડ, ગોખલે રોડ, થાણા હોલસેલ માર્કેટમાં જગ્યા વેચાણ અને ભાડામાં અપાવી દેશું. સંપર્કઃ દિનેશ કાનજી સતરા 9820976213-ઓફિસ, થાણા હોલસેલ માર્કેટ, એક્ષપ્રેસ કોસ્મેટીક સ્ટોર્સ, જાંબલીનાકા, થાણા. (T-87425){3-9}




PATANJALI પતંજલિ ફોર્ટમાં
બાબા રામદેવ પ્રોડક્ટ
અમારે ત્યાં બધો જ ફ્રેશ માલ મળશે. અવશ્ય પધારો.
**કિંગ એન્ટર પ્રાઈઝીસ (જનરલ સ્ટોર્સ)**
ઠે.: ૧૫૨/૧૫૪, બજાર ગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૦૧
અમારી ફોર્ટમાં બજારગેટ સિવાય કોઈ દુકાન નથી.
પતંજલિની ખાસ નોંધ લેશો.
લિ. કિંગ કોપીચર : રાજુ નંદુ * જયેશ નંદુ * ધ્રુવ નંદુ
Tel. 2269 0110 / 2261 2643
(J-88472)


**SVGA ની VCA વીંગ દ્વારા ઉપયોગી સેમિનાર** VCA

**GST: વ્યવસાયિકો માટેની તકો અને પડકારો**

આ સેમિનારમાં GST (Goods & Services Tax) જેનું આગમન હવે નિશ્ચીત થઈ ચૂક્યું છે. તે સમયના પડકારો અને વ્યાવસાયિક તકો માટે કચ્છ-વાગડ સમાજના વ્યાવસિકોને માર્ગદર્શન હેતુ આ સેમિનારનું આયોજન કરેલ છે.

જેમાં કચ્છ-વાગડ સમાજના CAs, તેમના Partners, CA ફાઈનલીસ્ટ તથા ઈન્ડાયરેક્ટ ટેક્ષ પ્રેક્ટીશનર્સ ભાગ લઈ શકશે.

**તારીખ-વાર-સમય : તા. ૨૮-૦૮-૨૦૧૬ ને રવિવાર સમય : ૯.૩૦ થી ૨**
**સ્થળ : રામવાડી, માટુંગા સે.રે.**

**પ્રખર વક્તા : સીએ. સી.બી. ઠાકર (જાણીતા ઈન્ડાયરેક્ટ ટેક્ષ એક્ષ્પર્ટ)**
**સેમિનાર ફીસ : Rs. 500/- (SVGA મેમ્બર માટે Rs. 400/-)**
**(સેમિનાર બાદ જમવાની વ્યવસ્થા છે)**
રજીસ્ટ્રેશન માટે આગામી પત્રિકા જાહેરાત જોતા રહેશો.
વધુ પૂછપરછ માટે SVGA ઓફિસ : ૨૪૩૨ ૭૮૪૨

**ખાસ નોંધ :** આ સેમિનાર દરમ્યાન મે-૨૦૧૫, નવેમ્બર-૨૦૧૫ અને મે-૨૦૧૬માં ઉત્તિર્ણ થયેલા CAsનું બહુમાન થશે તો તેમણે પોતાના નામો SVGA ઓફિસમાં લખાવી દેવા વિનંતી.

(M-15307)

**લિ. : SVGA ની VCA કમિટી વતી માનદ્ મંત્રીઓ**

|| જય જખ્ખદાદા ||   || જય વિશલમા ||



# શ્રી વાગડ ગાલા વિશલમાતા ભાવિક મંડળ-મુંબઈ

## ''શ્રીમાન રવજી ગેલાભાઈ ગાલા'' ઉદ્યાન નામકરણ પ્રસંગે

### સમસ્ત વાગડના ગાલા નુખ પરિવારજનો અને નિયાણી બહેનોને પધારવા

# ભાવભીનું આમંત્રણ

**શુભ સમય : સવારે ૯.૩૦ કલાકે**
**શુભ દિન : તા. ૨૧-૦૮-૨૦૧૬ રવિવાર**
**શુભ સ્થળ : નપ્પુ હોલની બાજુમાં, માટુંગા (સે.રે.)**

**નામકરણવિધિ પ્રદાતા :**
**શ્રીમાન પ્રકાશ મહેતા મંત્રીશ્રી હાઉસીંગ, લેબર માયનીંગ મહારાષ્ટ્ર રાજ્ય**

''નામ રહંતી ઠાક્કરાં, નાણા નાહી રહંત
કિર્તી કેરા કોઠડા, પાડ્યા નાહી પડંત''

''તન મનથી જે ભક્ત કુળદેવી પુજંત
ભગવતી મા વિશલ સર્વ મનોરથ પુરંત''



**શ્રીમાન રવજી ગેલાભાઈ ગાલા (લાકડીયા)**
**સ્થાપક પ્રમુખ**
**શ્રી વાગડ ગાલા વિશલમાતા ભાવિક મંડળ-મુંબઈ**

સમસ્ત વાગડના ગાલા નુખના પરિવારજનો અને નિયાણી બહેનો જય માતાજી... આપણી સંસ્થાના સ્થાપક પ્રમુખ અને વિશલ માતાના પરમ ભક્ત એવા ગાલા પરિવારના ગૌરવ પુરૂષ **શ્રીમાન સ્વ. રવજી ગેલાભાઈ ગાલા (લાકડીયા)**ની જાહેર જીવનની સેવાઓને સાચા અર્થમાં મરણોત્તર સન્માન આપીને તેમની કર્મભૂમિ એવા માટુંગા (C.R.) સ્થિત નપ્પુ હોલની નજીકના ઉદ્યાન સાથે શ્રીમાન રવજીભાઈ ગાલાનું નામ જોડાવાનો ઐતિહાસિક નિર્ણય બૃહદ મુંબઈ મહાનગર પાલિકાએ લીધેલ છે જે આપણા સમસ્ત ગાલા પરિવાર માટે ગૌરવ લેવાની વાત છે.

સ્થાનિક નગર સેવિકા શ્રીમતી નયનાબેન શેઠ અને વિરોધ પક્ષના નેતા શ્રીમાન પ્રવિણ વેલજી છેડાના અથાગ પ્રયત્નોથી આ ચિર સ્મરણીય ગૌરવ સ્વપ્ન સાકાર બન્યું છે તે બદલ શ્રી ગાલા વિશલ માતા ભાવિક મંડળ તેમનો આભાર વ્યક્ત કરે છે.

'શ્રીમાન રવજી ગેલાભાઈ ગાલા ઉદ્યાન''ના નામકરણ સમારંભ અવસરે આપ સર્વેને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી આગ્રહભર્યું આમંત્રણ છે.

### ''આવો આપણે ગાલા પરિવાર પુત્રના ગૌરવને સલામી આપીએ.''

લિ.

**પ્રમુખશ્રી શ્રી બાબુભાઈ ધનજી ગાલા (ઝાલાણી) છોટાપર**

ઉપપ્રમુખશ્રીઓ :

વેલજી અવચર ગાલા (ઘાણીથર), બાબુલાલ જખુભાઈ ગાલા (ભચાઉ), ચાંપશી અખાભાઈ ગાલા (ભચાઉ)

માનદ્ મંત્રીઓ :

ગોપાલ ગેલાભાઈ ગાલા (આધોઈ), મુકેશ ગોવર ગાલા (સામખીયારી), મનસુખ ભોજરાજ ગાલા (લાકડીયા,
ચીમન નરપાર ગાલા (રવ), કાંતીલાલ વીરજી ગાલા (ગાગોદર), ભરત કેશવજી ગાલા (લાકડીયા)

ખજાનચી : કાંતી પોપટલાલ ગાલા (મનફરા)

સહ ખજાનચી : નાગશી જુઠાલાલ ગાલા (ભચાઉ)

એવમ્ સલાહકારશ્રીઓ અને કારોબારી સભ્યો...

(M-15292)

# શ્રી ભરત રાયચંદ કોરશી શાહ વીસા ઓશવાળ કેળવણી ફંડ લોન/સ્કોલરશિપ મળશે

શ્રી ભરત રાયચંદ કોરશી શાહ વીસા ઓશવાળ કેળવણી ફંડ સંસ્થામાંથી **S.S.C.** પછીના ઉચ્ચ અભ્યાસ માટે વાગડ વિશા ઓસવાળ સમાજના હોંશિયાર, પરંતુ આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થિનીઓને લોન/સ્કોલરશીપ આપવામાં આવે છે.

પરદેશમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, યુનાઈટેડ કીંગ્ડમ, કેનેડા કે અન્ય દેશોમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓને પણ લોન આપવામાં આવે છે.

જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓએ સંસ્થાના અરજીપત્રકમાં અરજી કરવાની હોય છે. અરજીપત્રકો નીચેના પમાંથી કોઇપણ સ્થળેથી મળી શકશે અને ભરેલા અરજીપત્રકો પણ નીચેના ૫ સ્થળોમાંથી કોઇપણ સ્થળે આપી શકાશે.

(૧) **રૂપમિલન:** ૯૭, મહર્ષી કર્વે રોડ, મરીન લાઇન્સ, મુંબઇ-૪૦૦૦૨૦.

(૨) **રૂપમિલન:** ૩૮૫, એન.સી. કેલકર રોડ, લક્ષ્મી બિલ્ડીંગ, દાદર (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૮.

(૩) **ચેતન હીરજી છાડવા (C.A.) :** એ/૪૦૩, રોનક ટાવર, સારસ્વત બેન્કની સામે, રામવાડી, નૌપાડા, થાણા-૪૦૦૬૦૨.

(૪) **વિનોદ કાનજી ગડા :** રતન પ્લાસ્ટીક વેર, એ-૦૦૧, ૨૧૫, એટ્રીયમ, ગ્રાઉન્ડ ફ્લોર, કોર્ટયાર્ડ મેરીઓટની બાજુમાં, અંધેરી-કુર્લા રોડ, જે.બી. નગર, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩.

(૫) **શ્રી વાગડ કલા કેન્દ્ર :** સ્ટોન લોજ, ૬૯, રાવ બહાદુર, એસ.કે. બોલે રોડ, દાદર (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૨૮.

**ફોર્મ ભરતી વખતે નીચેની બાબતો ખાસ ધ્યાન રાખવી**

(૧) આપને લોન જોઇએ છે કે સ્કોલરશીપ તે પ્રમાણે લોન/સ્કોલરશીપમાંથી જે ન જોઇતી હોય તે છેકી રાખવી.

(૨) રૂા. ૧૫૦૦૦/- સુધીની જરૂરિયાત સ્કોલરશીપ તરીકે મળે છે એનાથી વધારાની રકમ લોન તરીકે મળે છે.

(૩) લોન માટે અરજી કરનારે પાના નં.- ૩ ઉપરની લોન અંડરટેકિંગની કોલમ ભરવી જરૂરી છે.

(૪) પાના નં. ૩ ઉપર S.S.C. અને તે પછીના દરેક વર્ષના રીઝલ્ટ આપવા જરૂરી છે.

(૫) અરજી સાથે આપવાના ડોક્યુમેન્ટ્સ અને લોન/સ્કોલરશીપના નિયમો જે છેલ્લે પાને આપેલ છે તે વાંચી જવા.

(૬) અરજી કરનારે પોતાની અટક બદલીને શાહ કરી હોય તો પોતાની ઓરીજીનલ અટક પણ લખવી જેથી જલ્દીથી ઓળખ થઇ શકે.

ફોર્મ પાછા આપવાની તારીખ ૩૧-૦૮-૨૦૧૬ છે. અધુરી વિગતોવાળા અને છેલ્લી તારીખ પછી આવેલા ફોર્મ ઉપર વિચાર કરવામાં આવશે નહીં.

**તા.૩૧-૦૮-૨૦૧૬** સુધી છેલ્લી પરીક્ષાનું પરિણામ ન મળ્યું હોય તો પણ એક વખત અરજીપત્રક ભરીને આપી જવું.

**લિ. : દામજી વિજપાર સાવલા**
**રમેશ વિજપાર નિસર - માનદ્ મંત્રીઓ**

(M-15311)

## શ્રી કોટ વાગડ વિશા ઓશવાળ મંડળ ૧૮મો સ્નેહ મિલન જમણવાર તથા વિદ્યાર્થી સન્માન સમારોહ રવિવાર, તા. ૨૧-૦૮-૨૦૧૬ના ‘‘ફાર્મ રીજન્સી રીસોર્ટ’’ ગોરાઇ-બોરીવલી મધ્યે

**બસના પીકઅપ પોઇન્ટ :**

**બસ નં. ૧ :** **અંધેરી :** વર્ટેક્સ શોપિંગ સેન્ટર, અંધેરી (ઇ) સ્ટેશન પાસે, **કાંદિવલી, બોરીવલી :** ઓમકારેશ્વર મંદીર, નેશનલ પાર્ક પાસે, બસ કન્વીનર : શ્રી રવજી પાલણ ગડા મો. નં.: ૯૮૨૧૨ ૮૪૩૩૩

**બસ નં. ૨ :** **ચર્નીરોડ, ગ્રાંટરોડ, તારદેવ :** હીન્દુજા કોલેજ, સૈફી હોસ્પિટલ પાસે, ચર્નીરોડ સ્ટેશન, **પાર્લા :** હાઇવે બ્રીજની નીચે, એરપોર્ટ સીગ્નલ પાસે, **ગોરેગાવ :** હાઇવે સ્ટેશન રોડ, બ્રીજની નીચે **મલાડ :** પુષ્પા પાર્ક બસ સ્ટોપ પાસે હાઇવે, **બસ કન્વીનર :** શ્રી ભરત અમૃતલાલ નંદુ મો.: ૯૮૨૧૮ ૫૪૪૪૪

**બસ નં. ૩ :** **લાલબાગ, દાદર :** ચીત્રા સીનેમા પાસે, દાદર **ઘાટકોપર-મુલુંડ:** શ્રેયસ સીનેમાના સીગ્નલ પાસે, નયાણી ભવન પાસે, એલ.બી.એસ રોડ, બસ કન્વીનર : શ્રી ઇશ્વર કરમણ નીશર, મો.: ૯૮૨૦૪૬૯૯૮૮

**બસ નં. ૪, ૫, ૬, ૭, ૮** **ફોર્ટ :** અપના બજાર પાસે, રીઝર્વ બેંકની નજીક, પી.એમ. રોડ, બસ કન્વીનર : શ્રી તુષાર કરમશી ગડા મો. નં.: ૭૭૧૦૦ ૯૫૭૨૩ શ્રી નવીન ધરમશી નીશર, મો. નં.: ૯૮૨૧૩ ૧૪૬૩૬

**બધા જ સેન્ટરો ઉપર સવારના ૬.૩૦ વાગે પહોંચી જવું**

નોંધ : ગઇકાલે તા. ૧૯-૦૮-૨૦૧૬ ની પત્રિકામાં શરતચૂકથી ફોટો યોજનામાં રહી ગયેલ નામ તથા સુધારો. **રહી ગયેલ નામ :** શ્રી દામજી રતનશી છેડા-૧

**સુધારો :** શ્રી દેવરાજ રૂપશી ફરીયા, શ્રી દેવશી ચાંપશી છેડા, શ્રી ગોપાલ વણવીર ગાલા

**લિ. : પ્રમુખશ્રી રવજી પાલણ ગડાના પ્રણામ** (J-88489)

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી કલાપૂર્ણસૂરિ મંગલમ્ ||
|| શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ-કલાપ્રભસૂરિ-તત્ત્વવર્ધન વિજય -સદ્‌ગુરૂભ્યો નમઃ ||

**ગોવાલીયા ટેંક જૈન સંઘના આંગણે**
**પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય**

## કનકસૂરીશ્વરજી મહારાજાની ૫૩મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ભવ્યાતિ ભવ્ય ગુણાનુવાદ સભા

*** પાવન નિશ્રા ***

દિવ્ય તપસ્વી પ.પૂ. પન્યાસ પ્રવર શ્રી હંસરત્નવિજયજી મ.સા.
પ્રવચનકાર પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી તત્ત્વદર્શન વિજયજી મ.સા.

**આ શુભ પ્રસંગે વાગડ સમાજના સર્વે ભાઇ-બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ**

**પૂજ્યશ્રીની ૫૩મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે**

* આયંબિલ (મગના ૧ ધાનના)
* આયંબિલ પ્રભાવના
* જિનાલયમાં સુંદર અંગરચના
* વ્યાખ્યાન પ્રભાવના

આદિ વિવિધ સુકૃતો કરવામાં આવશે.

**શુભ દિન :** શ્રાવણ વદ ૩-૪ રવિવાર તા. ૨૧-૦૮-૨૦૧૬ સવારે ૯.૧૫ કલાકે

**શુભ સ્થળ :** મથુરાદાસ તેજપાલ હોલ, ઓગસ્ટ ક્રાંતિ મેદાન સામે, ગોવાલીયા ટેન્ક, મુંબઇ

**અનુમોદક :**
ભાનુબેન ખેતશી મેઘજી ચરલા પરિવાર-આધોઇ
મંજુલાબેન રવજી ધનજી છેડા પરિવાર-ભચાઉ

**નિમંત્રક : શ્રી ગોવાલીયા ટેન્ક જૈન સંઘ-મુંબઇ**

(J-87976)

।। શ્રી મોમાઈ માતાય નમઃ।। ।। શ્રી ગણેશાય નમઃ।। ।। શ્રી ખેતલ દાદાય નમઃ।।



શ્રી મોમાઈ માતાય

# શ્રી ખેતલ દાદા નિશર પરિવાર

દુષ્કર છે આ ભવસાગરનો દુર દુર કિનારો, ડુબી જાવું ના જો જે દાદા હાથ પકડજે મારો,

તારા શરણે આવેલાને મળે નહીં જાકારો, તુજ જીવનમાં મુકી દૂધો મેં અંતરનો એક તારો...




શ્રી ખેતલ દાદા

## શ્રી ખેતલ દાદાની પહેડી વર્ષ - ૭મું

હૈયામાં આનંદ અને ઉમંગ લઈ સાક્ષાત હાજરા હજુર એવા શ્રી ખેતલદાદાની પહેડી ગામ લાકડીયાની સીમમાં બિરાજતા નિશર પરિવારના શ્રી ખેતલ દાદાને નમતા ગોઠીયા ભાઈઓ તથા નિયાણી બહેનોને તા.૩૦/૧૨/૧૬નાં પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

શ્રી ખેતલદાદાની પહેડી તા. ૩૦/૧૨/૨૦૧૬ના રોજ રાખેલ છે તેના માટે ભચાઉ (નિશરધામથી), આધોઈ (સોશ્યલ ગ્રુપથી અને ઓશવાળ નગરથી), લાકડીયા (ભીમા લખમણના ઘર પાસેથી), સામખીયારી (મહાજનવાડીથી) સવારના આવવા-જવા માટે વાહનોની સગવડ રાખવામાં આવેલ છે. તેથી દરેક ભાવિકોએ સમયસર પધારવા તથા સાથ સહકાર આપવા નમ્ર વિનંતી.

**ખાસ નોંધઃ રેલ્વે ના નિયમ અનુસાર સમયસર પોત પોતાની આવવા-જવાની ટિકીટો કઢાવી લેવા નમ્ર વિનંતી.**

(M-15310)

**સર્વે ખેતલ દાદાને નમતા નિસર પરિવારના ગોઠીયા ભાઈ-બહેનો, નિયાણી બહેનોએ ખૂબ જ સારી સંખ્યામાં પધારવા તથા દાદાનો પ્રસાદ લેવાનું ભાવભર્યું આમંત્રણ છે...**

## લિ. શ્રી ખેતલ દાદા નિસર પરિવાર



# ''રતન આર્ટસ''

**ધીરેન શેઠીઆની પર્યુષણ પર્વના આગમનની ઈન્દ્રધનુષના રંગ જેવી જિન દર્શન-તીર્થ સૌરભ કરાવતી, અલૌકીક, જૈન સમાજની પ્રથમ ફિલ્મ**

## ''આતમ પાસે અજવાળું''

**સમય : ૧.૧૦ મિનિટ**

**દિગ્દર્શન & સંગીત : ધીરેન શેઠીઆ**

**જેમાં છે :-**

આપણા શાસન સમ્રાટો ધર્મગુરૂઓની પ્રેરણાથી બંધાયેલા **કચ્છ ૧૬** જેટલા સદીઓથી પ્રસિધ્ધ-વૈવિધ્યપૂર્ણ ધર્મ, સંસ્કૃતિના ક્ષણેક્ષણનો વૈભવ કરાવતા, શીલ્પકળાના, દેરાસરોની તીર્થમાળા અને તેની અસ્મિતાને તેમનો ઈતિહાસ.

**સંગાથે :** તીર્થંકરોની રચનાત્મક, નયનરમ્ય ભવ્ય આંગીઓ

**જોડે છે :** પલપલ સમરીએ એવા ભક્તિ ઝરણામાં મગ્ન કરાવતા સ્તવનને અન્ય નવું ઘણુંબધું જાણવા જેવું.

આ ફીલ્મ દેરાસર, ઉપાશ્રય, તથા અન્ય કોઈપણ જગ્યાએ દેખાડી શકાય છે.

પર્યુષણ પર્વની ભાવનાની રાત્રે, સાંજી, સ્વામિવાત્સલ્ય, વ્યાખ્યાનમાળા, મહીલા મંડળો, ગામનો મેળાવડો, તપસ્વીઓના સન્માન તથા સર્વ ધાર્મીક પ્રસંગોમાં આ ફીલ્મનો પ્રયોગ યોજીને લોકો સુધી દેરાસરોના પ્રકાશની પગદંડી પહોંચાડવામાં અમારી જોડે જોડાવો.

શો માટે સંપર્કઃ દિપ્તી શાહ : 93242 82110

:: સૌજન્ય ::

**પોઈન્ટર ઈન્ડસ્ટ્રીઝ-મલાડ (વે).**

(M-15287)



# લાકડીયા નારીવૃંદ (મુંબઈ)

આયોજિત

## Exhibition 'કલાસંગમ'

ગયા વર્ષે **'કલાસંગમ'**ની ભવ્ય સફળતા અને તમારો આગ્રહ હોવાથી આ વર્ષે ફરી **લાકડીયા નારી વૃંદ-Exhibition-કલાસંગમ**નું આયોજન રહ્યું છે. કાર્યકુશળ બહેનોને પોતાની કાર્યક્ષમતા વ્યવસાયિક ધોરણે પ્રદર્શિત કરવાની ઉમદા તક...

**જો જો ચુકતા નહીં !!**

**ગૃહઉદ્યોગને લગતા સ્ટોલ...**

**નવરાત્રી અને દિપાવલીના પર્વો-રમતગમત માટેના સ્ટોલ**

હોમમેડ, નાસ્તા-મુખવાસ, સ્વીટસ, ચોકલેટ, કેક, શરબત, ચાટ, શરબત વગેરે...

**તા. ૨૦-સપ્ટેમ્બર, ૧૦ થી ૮ વાગ્યા સુધી ૧ દિ.નું આયોજન રાખવામાં આવેલ છે**

**A સ્ટોલ ૧૧,૦૦૦/-, B સ્ટોલ ૩,૦૦૦/-**

**જેમાં સહુ વાગડની બહેનોનું આવકાર્ય છે.**

**સ્ટોલ બુકીંગ તેમજ વધુ વિગત માટે :-**

*** પુષ્પા કિશોર ગાલા : 98670 64447**

*** અરૂણા ગડા: 93222 29513 * સુશીલા શાહઃ 98704 34991**

(J-87978)

**પત્રિકા સૌજન્ય :**



**અ.સૌ. જયશ્રીબેન નાગજી કેશવજી રીટા**

FORTUNE MONEY CONTROL





# વાર્ષિક પુણ્યતિથીએ
# સ્નેહ સભર સ્મરણાંજલિ

કપાતા કાળજે... અને
ધ્રુજતા હાથે તને સુખડની માળા પહેરાવવી પડેલ,
એ વજ્રઘાતરૂપી ઘટનાને આજે
એક વર્ષ થયું છતાંય અશ્રુઓ સુકાયા નથી

તારી સ્નેહાળ સ્મૃતિઓના દિલના ટોડલે
તોરણ બાંધીને અર્પીએ છીએ
તને **અશ્રુભરી સ્નેહાંજલિ...**

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

## સ્વ. ડો. જીગર કુંવરજી ભચુભાઈ સત્રા

ગામ : મનફરા - જોગેશ્વરી (ઈસ્ટ) ★ અરિહંતશરણ : તા. ૨૦-૦૮-૨૦૧૫

**લિ. શ્રીમતી કેસરબેન કુંવરજી ભચુભાઇ વીરજી સત્રા પરિવાર**
**માતુશ્રી પુનઈબેન રાયશી કોરશી ફુરીયા પરિવાર**
**તથા સમસ્ત સત્રા પરિવાર એવમ્ ફુરીયા પરિવાર**

(J-88481)

# જે.જે.સી.–દાદર



## જૈન જાગૃતિના ફાઉન્ડર પ્રેસીડન્ટ

પુણ્યશ્લોકી શ્રી રવજીભાઇ ગેલાભાઇ ગાલા સતત ૨૦ વર્ષ સુધી પ્રમુખ તરીકેની સેવા આપતા રહ્યા–બીજી સંસ્થાઓની જવાબદારી વધતા પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવા શ્રી કુંવરજી મેપશી છેડાને આપેલ. ભાજપના શરૂઆતથી કાર્યકર્તા રહ્યા.

માટુંગામાં તેમણે ખુબ જ સારી લોકચાહના મેળવી, પરંતુ ૧૮ માર્ચ ૨૦૧૬ આપણા બધા માટે ખુબ જ દુઃખ ભર્યો દિવસ હતો, તેઓશ્રીએ આપણા બધાની વચ્ચેથી વિદાય લીધી.

એમની માટુંગા પ્રત્યેની લોકચાહના બદલ બૃહદ મુંબઇ મહાનગર પાલિકા દ્વારા માટુંગાના ઉદ્યાનને **"રવજી ગેલાભાઇ ગાલા ઉદ્યાન"** નામ આપવામાં આવશે. જેજેસી-દાદર પરિવાર ગૌરવ અનુભવશે.

**શ્રી નયનાબેન શેઠ** (મ્યુનિસિપલ કાઉન્સીલર) ના પ્રયાસ થકી આ શક્ય થઇ શક્યું.

ઉદ્યાનના નામની તક્તીનું અનાવરણ માનનીય શ્રી પ્રકાશભાઇ મહેતાના હસ્તે થશે.

આજ સુધીના J.J.C. Dadar ના સભ્યોને જાહેર આમંત્રણ

**તા. ૨૧-૦૮-૨૦૧૬, રવિવાર સવારે ૯.૩૦**

**સ્થળઃ નપુ હોલ પાસે, માટુંગા (સે.રે.)**

**લિ. જે.જે.સી.દાદર પરિવાર**

(J-88475)

# શ્રી વાગડ કલા કેન્દ્ર-મુંબઈ

દ્વારા આયોજિત

# વિદ્યાર્થી સન્માન સમારંભ

શ્રી વાગડ કલા કેન્દ્ર સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વા.વિ.ઓ. સમાજના તેજસ્વી તારલાઓના ''વિદ્યાર્થી સન્માન સમારંભ''નું આયોજન કરવામાં આવેલ છે.

## Online Form

* આ વર્ષે દરેક વિદ્યાર્થીએ સંસ્થાની વેબસાઇટ www.vagad.org ઉપર જઈને અથવા Commutreeમાં સંસ્થાના *Option* માં શ્રી વાગડ કલા કેન્દ્રના પેજ પર જઈને Student Felicitation માટેની Details ભરવાની રહેશે. તેની સાથે Passport Sizeનો Colour Photo અને Current Year ની માર્કશીટ અપલોડ કરવાની રહેશે.
* બધી Details ભરાઈ ગયા પછી તમારા Email માં Form Submit થયાનો Confirmation Mail આવશે. જે ચેક કરી લેવું.

આ વર્ષે ***S.S.C., I.C.S.E., C.B.S.E.*** અને ***I.G.C.S.E.,*** પરિક્ષામાં ***93%*** અથવા તેનાથી વધારે તેમજ ***H.S.C. Science*** માં ***80% Commerce*** માં ***80% Arts*** માં ***65%*** અથવા તેનાથી વધારે ***H.S.C.*** થી ઉપર સાયન્સ, કોમર્સ, આર્ટસમાં એન્જિનીયરીંગ, મેડિકલ, ***C.A., L.L.B., M.B.A., C.S.*** વગેરેમાં તથા પોસ્ટ ગ્રેજ્યુએશનના અભ્યાસક્રમમાં ઉત્તીર્ણ થનાર ઉપરાંત માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી શૈક્ષણિક સંસ્થામાંથી ડિગ્રી અને ડિપ્લોમાનું ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર દરેક વિદ્યાર્થી ભાઇઓ-બહેનોએ ***FORM*** વિગતવાર ભરવું, સાથે કલર ફોટો મોકલાવો, જે ફોટા સાથે ***Student Bio-data***ની બૂકમાં ***BIO-DATA*** ટૂંકમાં પ્રકાશિત કરવામાં આવશે.

* જે વિદ્યાર્થીઓએ એક કરતા વધારે પરિક્ષા પાસ કરેલ હોય તો તેમણે ***Online Registration*** ફક્ત એક જ વખત કરવાનું રહેશે. પરંતુ તેમાં જે પરિક્ષાઓ પાસ કરેલ હોય તેની બધી વિગતો સાથે બધી માર્કશીટો ***upload*** કરવાની રહેશે.

